# હાર્દિક પટેલનો જળત્યાગ, વધતું સમર્થન

### આમ આદમી પાર્ટીના ધારાસભ્ય કર્નલ દેવેન્દ્ર શેખાવત અને કોંગ્રેસના અનેક આગેવાનોએ હાર્દિકની મુલાકાત લીધી : રાજકીય માહોલ વધારે ગરમાયો

અમદાવાદ, તા.૩૦

પાટીદારોને અનામત અપાવવા અને ખેડૂતોની દેવા માફીને લઈ હાર્દિક પટેલ આમરણાંત ઉપવાસ પર ઉતર્યો છે. ત્યારે આજે તેના ઉપવાસના છઠ્ઠા દિવસે હાર્દિક પટેલે હવે અન્ન બાદ હવે જળનો પણ ત્યાગ કર્યો છે. આજે હાર્દિકના જળત્યાગની જાહેરાતને પગલે રાજયભરના પાટીદાર સમાજમાં ભારે ખળભળાટ મચી ગયો છે. હાર્દિકની જળત્યાગની જાહેરાતને પગલે સરકારની ચિંતા હવે વધી ગઈ છે, તો બીજીબાજુ, હવે ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને ગામડાઓમાં હાર્દિક પરત્વે કૂણી અને સહાનુભૂતિની લાગણી જન્મી રહી છે. આજે જામજોધપુર અને પડધરીના ખેડૂતોએ હાર્દિકના સમર્થનમાં પ્રતિક ઉપવાસ કરી રેલી કાઢી હતી. તો, હાર્દિક પટેલે પણ આજે ગુજરાતના ગામડે ગામડે લોકોને ઉપવાસ આંદોલનમાં જોડાઈ જવા જોરદાર હાકલ કરી છે. પાસના કન્વીનર હાર્દિક પટેલે ટ્વિટ કરીને લખ્યું કે, સર્વોચ્ચ ન્યાયાલયે પણ કહ્યું છે કે, જનતંત્રમાં જનતાનો અવાજ દબાવી શકાય નહીં, જો તેનો અવાજ દબાવવામાં આવે તો મોટો વિસ્ફોટ થશે. ગુજરાતમાં જે રીતે અવાજ દબાવવામાં આવી રહ્યો છે, હું દાવા સાથે કહું છું, સંપૂર્ણ લોક ક્રાંતિનું આહવાન છે. સત્તા સામે જનતાનો વિસ્ફોટ થશે. હાર્દિકે જણાવ્યું કે, કોંગ્રેસના શાસનમાં અન્ના હજારેએ ઉપવાસ કર્યા ત્યારે ભાજપના લોકો તેમને સત્યાગ્રહી કહેતા અને ભાજપના રાજમાં જો કોઈ ઉપવાસ કરે તો તેને કોંગ્રેસના એજન્ટમાં ખપાવી દેવામાં આવે છે. હાર્દિકે ફરી એકવાર સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું કે, સરકાર ભલે ગમે તેટલા પ્રયાસ કરે પરંતુ તે પોતાની માંગણી ન સ્વીકારાય ત્યાં સુધી ઉપવાસ છોડવાનો નથી. જો પોલીસ જબરદસ્તીથી તેને હોસ્પિટલમાં લઈ જશે તો પણ તે કોઈપણ ભોગે સારવાર નહી લે. તે સંપૂર્ણપણે લડવા તૈયાર છે. અત્યારસુધી ટવેન્ટી-ટવેન્ટી રમતા હતા, હવે ટેસ્ટ મેચ શરૂ થઈ છે. હાર્દિકે એમ પણ જણાવ્યું કે, તે પોતાનું વીલ પણ જાહેર કરી દેશે, જેમાં તે તેના બેંક એકાઉન્ટ, તેના નામે રહેલી વસ્તુઓ અને તેના વીમાની રકમ કોને મળશે તે સહિતની વાતોની જાહેરાત કરશે. મારા પરિવારને થોડી ઘણી રકમ આપી, બાકીની રકમ સમાજ સેવા માટે વાપરવા આપી દેવાની તેણે લાગણી વ્યકત કરી હતી. હાર્દિકે મેડિકલ ચેકઅપને લઈ ગંભીર આક્ષેપ કર્યા હતા કે, તેનું મેડિકલ ચેકઅપ જે સરકાર દ્વારા થઈ રહ્યું છે, તેના કોઈ રિપોર્ટ મારા ડોકટરને અપાતા નથી. મારે ખાનગી ડોકટરને બોલાવી મારું બ્લડ ચેક કરાવવું પડયુ હતું. સરકાર ખોટા ઈન્જેકશનો આપી તેની કિડની ફેઈલ કરવાનો પ્રયાસ કરી રહી છે. દરમ્યાન ઉપવાસના છઠ્ઠા દિવસે હાર્દિકને મળવા માટે ગામડેથી તેના દાદા નરસિંહ પટેલ આવ્યા હતા. પોતાના લાડકા પૌત્રને છ દિવસથી ઉપવાસ પર અને લથડેલી હાલતમાં જોઈ દાદાની આંખો ભીની થઈ ગઈ હતી અને દુઃખી જણાતા હતા. પરંતુ તેમણે હાર્દિકને હિંમત આપતાં કહ્યું કે લડ બેટા, આ ખેડૂતોની વાત છે. આપણી ગઈકાલ મજબૂત હતી, પણ આવનારી કાલ ખૂબ જ ખરાબ છે. તારે લડવાનું છે, આપણા સમાજને સામાજિક ન્યાય અપાવવાનો છે અને ખેડૂતોની દેવા માફી કરાવવાની છે. દેશને ખવડાવનારા ખેડૂતો ગરીબ અને લાચાર થઈ ગયા છે, આપણે ક્યાં સુધી સહન કરતા રહીશું. હવે સહન હીં કરીએ, લડીશું ત્યારે જ તો બેટા જીતીશું. આ ઉપરાંત કોંગ્રેસના બે ધારાસભ્યો ગ્યાસુદીન શેખ(દરિયાપુર) અને ઈમરાન ખેડાવાલા (ખાડિયા), પૂર્વ પ્રમુખ અમદાવાદ કોંગ્રેસના પંકજભાઈ શાહ પણ હાર્દિક પટેલને સમર્થન આપવા ઉપવાસ છાવણી પહોંચ્યા હતા. હાર્દિકના સ્વાસ્થ્યને લઈ ડૉક્ટર નમ્રતા વાડોદરીયાએ જણાવ્યું હતું કે, તેના શરીરમાં એસીટોનનું પ્રમાણ વધ્યું છે, જેના કારણે કિડની અને હદય પર અસર થઈ શકે છે.



## પ્રાંતિજના સોનાસણ ખાતે હાર્દિક પટેલના સમર્થનમાં રામજી મંદિર ખાતે રામધૂન

હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસને લઈને ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લાભરમાં યુવાનો દ્વારા એક દિવસ માટે અખંડ રામધૂનનુ આયોજન કરવામાં આવ્યું છે. સમાજના ભાઈ-બહેનો દ્વારા હાર્દિક પટેલને સમર્થન પુરૂ પાડયું હતું. જેમાં સોનાસણ આવ્યું. તો પાટીદાર સમાજની મહિલાઓ યુવાનો દ્વારા રાજય સરકાર સામે આક્રોશ પણ ઠાલ્વ્યો







પાટીદાર સમાજના લોકો દ્વારા હાર્દિક પટેલના સમર્થનમાં એક દિવસના પ્રતીક ઉપવાસ તથા રામધૂન ચાલી રહી છે. ત્યારે પ્રાંતિજના સોનાસણ ખાતે પણ પાટીદાર સમાજની મહિલાઓ પાટીદાર અનામત આંદોલન સંદર્ભે આમરણાંત ઉપવાસ ઉપર બેઠેલા હાર્દિક પટેલના ઉપવાસના આજે છઠ્ઠા દિવસે સાબરકાંઠાના પ્રાંતિજના સોનાસણ ખાતે પાટીદાર રામજીમંદિરના વિશાળ હોલમાં પાટીદાર સમાજની મહિલાઓ તથા યુવાનો ભેગા થઈને આજે એક દિવસ માટે સવારના આઠથી સાંજના છ વાગ્યાં સુધી અખંડ રામધૂનનુ આયોજન કરવામાં હતો. તો સરકાર જો પાટીદાર અનામત આંદોલનની મૂળભૂત માંગણીઓને નહીં સ્વીકારે તો આગામી ભવિષ્યમાં અસરકારક આંદોલનનો વધુ ઉગ્રપણે થશે તેવી દહેશત વ્યકત કરી હતી.

## વાતવાતમાં

● સેકટર-૨૪માં દબાણતંત્રએ સપાટો બોલાવતા દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. સેક્ટરમાં ચંદ્ર ફોટો સ્ટુડિયો તરફની લાઈનમાં જ્યાં હજુ દબાણ હટાવ કામગીરી શરૂ નથી થઈ ત્યાં દબાણકર્તાઓ પોતાની જાતેજ વધારાના પાકાં દબાણો તોડીને દૂર કરવામાં લાગી ગયા છે.

## શામળાજી ડીઝીટલ આરટીઓ ચેકપોસ્ટ પર ૧૦ દિવસમાં બીજીવાર એસીબીની ટીમ ત્રાટકી

શામળાજી, તા. ૩૦

અરવલ્લી જીલ્લાની શામળાજી નજીક રતનપુર ચેકપોસ્ટ પર ભ્રષ્ટાચાર અટકાવવા કરોડો રૂપિયાના ખર્ચે દેશની સૌપ્રથમ ડીઝીટલ કેશલેસ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. આ ડીઝીટલ ચેકપોસ્ટ અનેકવાર વિવાદોમાં સપડાઈ ચુકી છે. ડીઝીટલ ચેકપોસ્ટ બનાવથી સરકારમાં તિજોરીમાં આવક વધવાને બદલે આવકમાં જંગમ ઘટાડો થતા વાહનવ્યવહાર કચેરીના કમિશ્નર ચોકી ઉઠ્યા હતા. શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર ભ્રષ્ટાચારની આશંકાએ ગાંધીનગર, વડોદરા, અરવલ્લી જીલ્લાની એસીબીની ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યા બાદ જવાબદાર અધિકારીઓ ફરજ સમય દરમિયાન ગેરહાજર રહ્યા હોવાની અને વેરાની સિલકમાં ૧૫૦૦ રૂપિયા જેટલી ગોબાચારી બહાર આવી હતી અને જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દસ દિવસમાં બીજીવાર હિંમતનગર એસીબીએ ભ્રષ્ટાચારની આશંકાએ બુધવારે મોડી રાત્રે ત્રાટકી શામળાજી ચેકપોસ્ટ કચેરીમાં સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ બીજા દિવસે પણ યથાવત રહેતા મોટું ગફલુ બહાર આવે તેવી શક્યતાઓ રહેલી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.





## પાલનપુરમાં બાઈક ચાલકનો ફોન તફડાવી બે શખ્સો ફરાર

પાલનપુર, તા. ૩૦

પાલનપુરમાં મોબાઈલ ફોન તફડાવતી ટોળકી સક્રિય થવા પામી છે. છેલ્લા પંદર દિવસમાં મોબાઈલ ફોનની તફડંચી કરવાના ત્રણ બનાવ બન્યા છે. જેમાં બે દિવસ અગાઉ કિર્તિસ્તંભ વિસ્તારમાં એક શખ્સને લોકોએ ઝડપી લીધો હતો. દરમિયાન શહેરની ઉમિયાનગર સોસાયટીમાં રહેતા શૈલેષકુમાર દેવચંદભાઈ પ્રજાપતિ બાઈક લઈને ડીસા તરફ જતા હતા. ત્યારે ફોનની રીંગ આવતાં પારપડા જતા રોડ નજીક બાઈક ઉભુ રાખી વાત કરી રહ્યા હતા. તે દરમિયાન આવેલો અજાણ્યો ઈસમ ઝાપટ મારી ફોન ઝુંટવી સાથે આવેલા શખ્સ સાથે નાસી ગયો હતો. આ અંગે શૈલેષકુમારે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.



સફળતાનું રહસ્ય જાણવામાં દરેકને રસ હોય છે, સફળતા મેળવવા આ રહસ્યને પામવું જરૂરી બને છે. ગાંધીનગરની વીપીએમપી પોલિટેકનિક કોલેજ ખાતે મોટિવેશનલ સ્પીકર નિરવ કાપડિયાનો 'સિક્રેટ ઓફ સકસેસ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

## ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ગામ પાસેથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ગામ પાસેથી ખેતરમાં એક અજાણ્યા પુરુષને માથામાં ઈજા પહોંચેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જેને જોવા માટે વરતોલ ગામના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ગામના પટેલ હર્ષદભાઈ નારાયણભાઈ ગુરૂવાર સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ પોતાના ખેતરમાં ખેતીના કામ અર્થે ગયા હતા. ખેતર મગફળી વાવેતર કરેલ હતી તે ભાગ દૂરથી જોતાં કોઈ વ્યક્તિ પડેલ હોવાનું જણાવેલ હતું તેથી તેમણે ત્યાં જઈ જોયુ તો ૨૦ થી ૩૦ વર્ષનો યુવક પડેલો હતો જેના માથાના ભાગમાં ઈજાઓ પહોંચી હતી અને બાજુમાં લોહીનું ખાબોચિયું ભરાયેલું હતું જેથી તેમણે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન જાણ કરી હતી. જેથી પોલીસે ઘટનાસ્થળે પહોંચી યુવકનો મૃતદેહ ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## મોડાસાના શ્રી બાલકદાસજી મહારાજમાં સતત ૧૮ દિવસથી ચાલતો હિંડોળા મહોત્સવ સંપન્ન

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલા શ્રી બાલકદાસજીમાં બિરાજતા શ્રી ગોવર્ધનનાથ (કૃષ્ણ)ના હિંડોળાના દર્શન આજે સંપન્ન થયા હતા. છેલ્લા ૧૮ દિવસથી ભગવાન કૃષ્ણને હિંડોળે ઝુલાવીને અને ઝૂલતા જોઈને ભક્તોએ અનેરો આનંદ માણ્યો હતો. ભગવાનને રોજે રોજ અલગ અલગ કલાત્મક હિંડોળે ઝુલાવવામાં આવતા હતા. હિંડોળે ઝૂલતા ભગવાનના દર્શનાર્થે શહેરીજનો મોટી સંખ્યામાં ઉમટી દર્શનનો લ્હાવો લેતા હતા. ભગવાન ક્રિષ્ણાને હૃદયપૂર્વક વિનવણી કરીને હિંડોળા પરથી ઉતારવામાં આવ્યા હતા. સતત ૧૮ દિવસ સુધી દિલીપ ભાવસાર અને તેમની ટીમે ભગવાનને સજાવતા વિવિધ જેવા કે શાકભાજી, સૂકા મેવા, ફૂલ, બિસ્કિટ, ફ્રૂટ, ધાન્યપાકો સહીત વિવિધ કલાત્મક હિંડોળા નગરમાં અનોખું આકર્ષણ પેદા કર્યું હતું.

## ખેડબ્રહ્માના ગઢડા શામળાજીમાં જન્માષ્ટમી નિમિત્તે ભવ્ય મેળો ભરાશે

### ખેડબ્રહ્માના રાધા-કૃષ્ણ મંદિરમાં પણ કૃષ્ણ જન્મોત્સવની તડામાર તૈયારી

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજીમાં બિરાજમાન દશાવતારી ભગવાન



શામળીયાના સાનિધ્યમાં જન્માષ્ટમીનો ભવ્ય મેળો ભરાશે તથા ભજન સત્સંગ રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું. એજ રીતે ખેડબ્રહ્મા શહેરના રાધાકૃષ્ણ મંદિરમાં મહાપૂજા, અભિષેક, ભજન સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં ૧૫ કરતા વધુ સ્થળોએ મટકી ફોડના કાર્યક્રમ યોજાશે.

ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમીને સોમવારના રોજ ભરચક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શામળિયા ભગવાનના સાનિધ્યમાં ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં કૃષ્ણભક્તો ઉમટી પડશે. જન્માષ્ટમી નિમિત્તે કૃષ્ણ જન્મોત્સવને સફળ બનાવવા મંદિરના ટ્રસ્ટીઓ ઉત્સવ સમિતિના સભ્યો, પૃથ્વી મંડળ તથા આર્યન ક્લબના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમી નિમિત્તે મહાપૂજા અભિષેક ધ્વજારોહણ તથા ભજન સત્સંગ કરવામાં આવશે. મહાપુજાના યજમાન તરીકે જોશી મનોરમાબેન કુબેરદાસ તથા ધજા આરોહનના યજમાન તરીકે લખુભાઈ ભીમજીભાઈ અટારા ધર્મલભ લેશે રાત્રે કૃષ્ણ જન્મોત્સવ તથા રાધે કૃષ્ણ ભજન મંડળ ભાંડવાલ તા. વડાલી, દ્વારા ગણપતિ, રાધાકૃષ્ણ, શંકરભગવાન તથા હનુમાનજીના પાત્રો વેશભૂષા સાથે ભજવી અને ભજન સત્સંગની રમઝટ બોલાવશે. મંદિર ટ્રસ્ટ તથા ઉત્સવ સમિતિ દ્વારા ઉત્સવની તૈયારીઓ પુરી કરવામાં આવી છે.

## ન્યુ ગાંધીનગર....

(આઠમા પાનાનું અનુ.)

આમ છતાંય જો હવે પછી મચ્છરોના બ્રિડીંગ મળી આવશે તો કલમ ૧૮૮ મુજબના પગલાં લેવા તંત્રને મજબુર બનવુ પડશે અને તે માટે તંત્રએ મન બનાવી લીધુ હોવાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર નજીક વિકાસ પામી રહેલ ન્યુ ગાંધીનગર શહેરી વિસ્તાર આ વખતે સૌથી વધુ સંવેદનશીલ વાહકજન્ય રોગચાળા માટે બન્યો છે. આ વિસ્તારમાં ૧૦૦થી વધુ સોસાયટીઓ અને ૮૯થી વધુ કન્સ્ટ્રક્શન સાઈટો જે હાલ ચાલુ છે.

તંત્રએ આ વિસ્તાર પર પહેલેથી જ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. ત્રણ રાઉન્ડ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પછી બે વખત તંત્રએ પોતે આ વિસ્તારમાં કામગીરી કર્યા બાદ પણ જે રીતે મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે તે ચિંતાજનક હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

## આજે પંચાયતમાં.....

(આઠમા પાનાનું અનુ.)

અનુભવને પણ નજરમાં રાખવામાં આવશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા મોડી સાંજ સુધી કવાયતો ચાલી હોવાનું જાણવા મળેલ છે અને સમિતિની બેઠકમાં પક્ષનો મેન્ડેટ આપવામાં આવશે. ગઈ વખતે શિક્ષણ અને બાંધકામ સમિતિમાં બળવો થયો હતો. જે નોંધનીય છે. જો કે આ પછી શિક્ષણ સમિતિમાં પક્ષના નેતાઓની દરમ્યાનગીરીથી મામલો થાળે પાડી મેન્ડેટ મુજબ વરણી ચેરમેનની કરાઈ હતી.

આ વખતે પક્ષે પ્રથમ સમિતિની બેઠક શિક્ષણની બોલાવી છે અને તે પછી અન્ય સમિતિઓના ચેરમેનની વરણી થશે. કારોબારી સમિતિના ચેરમેનની વરણી છેલ્લે કરવામાં આવશે.

કારોબારીનું ચેરમેનપદ મહિલાને ફાળવવામાં આવશે, બાંધકામમાં દહેગામને સ્થાન આપવામાં આવશે જ્યારે આરોગ્યમાં ગાંધીનગરના નરેશજી ઠાકોરને સ્થાન અપાશે તેમ મનાઈ રહ્યું છે.

## પાલનપુરની લડબી નદીમાં ભૂગર્ભ ગટરનું ગંદુ પાણી ઠાલવવા સામે

પાલનપુરની લોકમાતા લડબી નદીમાં ભૂગર્ભ ગટરનું મળ મૂત્ર મિશ્રિત ગંદુ પાણી ઠલવાતા લોકોના જાહેર આરોગ્ય સામે ખતરો તોળાઈ રહ્યો છે. ત્યારે આ સમસ્યાના જાત નિરીક્ષણ માટે નામાંકિત પર્યાવરણવિદોએ પાલનપુરની મુલાકાત લીધી હતી.

પાલનપુરમાં નવી ભુગર્ભ ગટર યોજનાના ગંદા પાણીના નિકાલ નો કોઈ વિકલ્પ ન હોવાથી હાલમાં ગટરના ગંદા પાણીના કારણે સમગ્ર વિસ્તાર ગંદકીથી ખદબદી રહ્યો છે. અને ભયંકર દુર્ગંધથી આસપાસના રહેવાસી ઓ ત્રાસી ઉઠ્યા છે. મળ મુત્ર મિશ્રિત ગટરના ગંદા પાણીને રહેણાંક વિસ્તારમાં લડબી નદીના પટમાં ખુલ્લુ છોડી દેવામાં આવી રહ્યું છે. જેના કારણે માનવ વસ્તી વચ્ચે રહેતા ગાય, કુતરાં બિલાડા જેવા પાલતુ પશુ પક્ષીઓ પણ નદીના પટમાં વહેતા આ ગંદકી યુક્ત પાણી પીવે છે, તેમજ ગંદા પાણીથી ખરડાઈને માનવ વસ્તી વચ્ચે હરે ફરે છે જેના કારણે રોગચાળો ફેલાવાની પણ દહેશત છે.

ગટરની પાઈપો અને તેની ચેમ્બરો પણ નદીના પટમાં નંખાયેલી હોઈ વરસાદી પાણી સાથે આ ગંદવાડ ઉભરાઈને



લોકોના ઘરોમાં ફેલાઈ રહ્યો છે. આ બાબતે પાલનપુરની નાગરીકો વતી બાબુભાઈ સૈની, હીદાયતુલ્લા પરમાર, ઈલિયાસ સિન્ધી વગેરે લોકોએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ફરીયાદ પણ કરી છે. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નગરપાલિકા, જીયુડીસી અને કોન્ટ્રાક્ટરોએ પણ કબુલ કરેલ છે કે, આ ગંદા પાણીના નિકાલ માટે આકેસણ ખાતે એસ.ટી.પી. તૈયાર ન થાય ત્યાં સુધી ખુલ્લામાં વહેવડાવવા સિવાય કોઈ વિકલ્પ નથી. આ ઉપરાંત તેઓએ એવી પણ કબુલાત કરી છે કે, લડબી નદીમાં ગટરની પાઈપો અને ચેમ્બરો નાંખવા માટે મહેસુલ કે પર્યાવરણ વિભાગની કોઈ મંજુરી લીધી નથી.

આ સમગ્ર હકીકતની વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સમક્ષ ચર્ચા કરતાં તેમની ખાસ ભલામણ થી પર્યાવરણ બાબતોમાં કાર્યરત એવી નામાંકીત સંસ્થાઓના આગેવાનોએ જાત નિરીક્ષણ અને અભ્યાસ કરી આ સ્થિતિની ગંભીરતા અને ઉકેલ સમજવા અને ઉચ્ચ સ્તરે રજૂઆતો કરવા શનિવારે પાલનપુર આવી લગભગ ૨૦ જેટલા સ્થળોએ સમિક્ષા કરી હતી. જેમાં સદરપુર લેન્ડ ફીલ સાઈટ, રાજીવ આવાસ યોજના, માલણ રોડ ઉપર કચરાની ડંપીંગ સાઈટ, માનસરોવર, ગટરના પાણી નદી અને જાહેરમાં વહેતા હોય તેવા સ્થળો, ભુગર્ભ ગટરના નદીમાં પાણી છોડાતા લાસ્ટ પોઈન્ટ, આકેસણ એસટીપી સ્થળ, આકેસણ તળાવ સહીતના જુદા જુદા રહેણાંક વિસ્તારોમાં સવારથી શરૂ કરીને સાંજે ૬ વાગ્યા સુધી સતત નિરીક્ષણો કર્યા હતાં.